મહત્તમ : ૪૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૨૩ ટકા

ગાંધીનગર તાપમાન

# કોરોનાની કટોકટીમાં કેમેરાની 'કિલક'..!!

સંકલન : સમીર રામી

## રામાયણ-મહાભારતે ફરી માર્ગો સુમસામ કર્યા

એક સમય હતો જયારે દૂરદર્શન પર રામાયણ-મહાભારતનું પ્રસારણ થતું ત્યારે રસ્તાઓ પર જાણે સ્વયંભૂ કરફર્યુ હોય તેવો માહોલ સર્જાતો અને વાહનો સહિતની અવરજવર પણ થંભી જતી હતી. આજે એ સમય છે કે કોરોના વાઈરસ સંક્રમણ વધુ પ્રસરે નહી તે હેતુથી સરકારે લાદેલા લૉકડાઉનનો જનતા ભંગ ના કરે તે હેતુથી રામાયણ-મહાભારતનું પુનઃપ્રસારણ કરવામાં આવી રહ્યું છે, અને આ સિરિયલોની લોકપ્રિયતા તો જુઓ કે આજે પણ તેના પ્રસારણ સમયે સેકટર-૨૪ જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારોના માર્ગો પણ આપોઆપ સુમસામ બની રહ્યાં છે.

## અભિનેત્રી અવની મોદી તથા મોડેલ પારૂલ કશ્યપે દિપ પ્રાગટય કર્યું



ગાંધીનગરમાં કોરોનાના અંધકારને દૂર કરી સ્વસ્થ જીવનનો તેજોમય પ્રકાશ રેલાવવાના હેતુને સિધ્ધ કરવા પ્રોત્સાહન પ્રકાશ પૂંજ પ્રસરાવવાના પ્રધાનમંત્રીના પડકારને શહેરની દિકરી અને ગુજરાતી ઉપરાંત બોલિવુડ તથા દક્ષિણની ફિલ્મોની અભિનેત્રી અવની મોદીએ પણ દિપ પ્રાગટય કર્યું હતું. આ સાથે તાજેતરમાં મોડેલિંગ ક્ષેત્રે ભારત આઈકોન એવોર્ડ પ્રાપ્ત કરનાર ગાંધીનગરની મોડેલ પારૂલ કશ્યપે પણ દિપ જયોતિ થકી પ્રકાશ પર્વમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

## શહેરના ૩૫૦ પરિવારોને યુવાનોનું કીટ વિતરણ

શહેરમાં સેવાની સરિતા પુરજોશમાં વહી રહી છે અને શહેરીજનોની અનુકંપાને પગલે આવી વિકટ પરિસ્થિતિમાં પણ કોઈ જરૂરિયાતમંદ વર્ગના પરિવારને ભૂખ્યાં પેટે સુવું પડે તેવી પરિસ્થિતિ જણાતી નથી. શહેરના સેકટર-૩-ડીના યુવક મિત્ર મંડળ દ્વારા આ સ્થિતિમાં ૩૫૦ જેમાં શ્રમિક પરિવારોને કીટનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં ઘઉંનો લોટ, ચોખા, મગ-તુવેરની દાળ, હળદર, મરચું-મીઠું, તેલ તથા શાકભાજી સાથે એક છાશની થેલી સહિતની સામગ્રીનો સમાવેશ થતો હતો.

## માંસ-મદીરા-કતલખાના સહિત તમામ બંધ હોય તેવું પહેલું મહાવીર જન્મ કલ્યાણક

ભગવાન મહાવીરે વિશ્વને અહિંસા તથા સદભાવ સાથે સંયમિત જીવનનો સંદેશ પાઠવ્યો હતો જે આજે પણ એટલો જ પ્રસ્તુત છે. કલિયુગનું કદાચ આ પ્રથમ શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક છે જેમાં કતલખાનાથી માંડીને માંસ-મદિરા ઉપરાંત હોટેલ્સથી માંડીને તમામ વ્યવસાય બંધ રહ્યા હતા અને કોઈએ બહાર ગયા વિના શાસનપતિના જન્મ કલ્યાણને ઉજવ્યું હતું. ગાંધીનગરના પેથાપુરનું જૈન પરિવાર પોતાના ઘરમાં સોશ્યલ ડિસ્ટન્સ જાળવીને નવકાર મંત્રના જાપ સાથે ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી કરતું તસવીરમાં દૃષ્ટિગોચર થઈ રહ્યું છે.




## આર્ટસના વિદ્યાર્થીનો મનપસંદ સાહત્યકારનું ચિત્ર દોરવાનો પ્રયાસ

લૉકડાઉનના સમયમાં બાળકોથી માંડીને મોટેરાં સુધી તમામ માટે સમય કેવી રીતે પસાર કરવો તે મોટો યક્ષ પ્રશ્ન બની રહ્યો છે. ખેર, બાળકો તો પોતાને ગમતી રમતો શોધી લેતાં જ હોય છે પરંતુ યુવાનોએ કોઈ પણ રચનાત્મક પ્રવૃત્તિમાં પોતાને જોતરવાનો અભિગમ અપનાવવો જરુરી બન્યો છે, જેમ કે સાહિત્ય સાથે ચિત્રકળામાં રસ ધરાવતા શુભમ સોલંકી હિન્દી સાહિત્યમાં જાણીતા 'અમૃતા પ્રિતમ'નું પોટ્રેટ બનાવવા લૉકડાઉનમાં મળેલા ફાજલ સમયનો ઉપયોગ કરી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે શુભમ સરકારી વિનયન કોલેજમાં આર્ટસ ગ્રેજયુએશનના અંતિમ વર્ષમાં અભ્યાસ કરી રહ્યો છે.

# શહેરના ૪૫૦ જેટલા જૈન પરિવારો દ્વારા એક જ સમયે પોતપોતાના ઘરમાં મહાવીર જયંતીની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૬

હિંદુ પંચાંગ અનુસાર જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર મહાવીર સ્વામીનો જન્મ ચૈત્ર માસના શુક્લ પક્ષ ત્રીજના દિવસે થયો હતો જેને મહાવીર જયંતી તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તારીખ ૬ એપ્રિલના રોજ આ શુભ દિવસે શહેરના જૈન પરિવારો દ્વારા અલગ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

આમ તો દર વર્ષે મહાવીર જયંતીની શહેરમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે પરંતુ કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સંપૂર્ણ લોકડાઉનને સમર્થન આપી શહેરના ૪૫૦ જેટલા જૈન પરિવારો દ્વારા એક સાથે એક જ સમયે પોતાના ઘરમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત ઘરની બહાર બાલ્કનીમાં થાળી ખટખટાવીને એકબીજાને મહાવીર જયંતી નિમિત્તે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# કલર્સ ગુજરાતી પર નગરના યુવા અભિનેતા જનક ઠકકરની સુરી સીરીયલનો પ્રારંભ

### વર્ષ ૨૦૧૫ માં આ સીરીયલે અનોખી લોકચાહના મેળવી હતી : લોકડાઉન વચ્ચે સીરીયલ શરૂ કરાઈ : જનક ઠકકરને આ નંબર વન સીરીયલ માટે મુંબઈમાં એવોર્ડ પણ એનાયત કરાયો હતો

ગાંધીનગર તા ૬

સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ વચ્ચે હાલ સરકાર નાગરિકો ઘરમાં રહે અને સુરક્ષિત રહે તેવા અભિગમ સાથે નાગરિકોને ઘરમાં રહેવાનુ વધુ સરળ થાય તેવા પ્રયાસો કરી રહી છે. જેના ભાગરૂપે દુરદર્શન પર દેશવાસીઓની પ્રિય રામાયણ અને મહાભારત સીરીયલનુ પણ પ્રસારણ કરવામાં આવી રહ્યુ છે. જયારે હવે કલર્સ ગુજરાતી પર ચાર વર્ષ અગાઉ ગુજરાતીઓમાં ફેવરીટ બનેલી સુરી સીરીયલ પણ પ્રસારીત કરવામાં આવી રહી છે. ગાંધીનગરના યુવા અભિનેતા જનક ઠક્કરે આ સીરયલમાં સરપંચનો રોલ અદા કરીને ગુજરાતીઓના દીલ જીતી લીધા હતા.

સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ યથાવત છે. છેલ્લા ૧૨ દિવસથી દેશવાસીઓ ઘરમાં પુરાયેલા છે ત્યારે કોરોનાની મહામારીથી બચવા માટે સોશિયલ

ડીસ્ટન્સીંગને ફોલો કરવા સહીત ઘરમાં રહેવાનુ પણ અત્યંત જરૂરી છે. ત્યારે આમ નાગરિકો ઘરમાં પોતાનો સમય પસાર કરી શકે તે માટે અનેક નુસખા અજમાવી રહ્યા છે. બીજીતરફ નાગરિકોના હૃદયમાં અનોખુ સ્થાન ધરાવતી ધાર્મિક શ્રેણી રામાયણ અને મહાભારત પણ શરૂ કરી દેવામાં આવી છે. જયારે હવે ગુજરાતીઓમાં પણ હોટ ફેવરીટ અને શ્રોતાઓની ચહીતી ટીવી સીરીયલ સુરી પણ આજથી પ્રસારીત કરવામાં આવી રહી છે. આ સીરીયલમાં ગાંધીનગરના જાણીતા યુવા અભિનેતા જનક ઠક્કરે મુખ્ય સરપંચનો રોલ અદા કર્યો છે. જનક ઠકકરે અત્યાર સુધીમાં અનેક ગુજરાતી ફિલ્મોમાં પણ કામ કર્યુ છે. સુરી સીરીયલે મહીલાઓમાં પણ વિશેષ લોકચાહના મેળવી છે. લોકડાઉનના સમયમાં શ્રોતાઓ ઘરમાં બેસીને આ સિરીયલ જોઈ શકે તે માટે પ્રતિદિન સાંજે ૪ થી ૫ કલર્સ ગુજરાતી પર પ્રસારીત કરવામાં આવશે. વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ દરમિયાન ગુજરાતની નંબર વન સીરીયલ પુરવાર થઈ હતી. આ સમય દરમિયાન ગૃહીણીઓ પણ સાતેય કામ પડતા મુકીને ટીવી સામે સુરી નિહાળવા ગોઠવાઈ જતી હતી. સુરી સીરીયલમાં સરપંચના પાત્રને નગરના યુવા અભિનેતા જનક ઠક્કરે બખુબી નિભાવ્યુ છે. જયારે આ સીરીયલ માટે ગુજરાતના એકમાત્ર અલબત્ત ગાંધીનગરના જનક ઠકકરને બેસ્ટ અભિનેતા તરીકેનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

# શહેરમાં નવ મિનિટના સમર્થનમાં હજારો દીવડાઓ વચ્ચે ફટાકડા પણ ફૂટ્યા

ગાંધીનગર, તા.૬

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા કોરોના વાયરસની મહા મારી સામે લડત આપવા સમગ્ર દેશમાં લૉકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું છે જેને દેશના તમામ નાગરિકો દ્વારા અનુસરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભે નરેન્દ્ર મોદી દ્વારા દેશવાસીઓને તારીખ ૫ એપ્રિલના રોજ રાત્રે ૯ વાગ્યે નવ મિનિટ માટે પોતાના ઘરની લાઈટ બંધ કરી ઘરની બાલ્કનીની બહાર અથવા તો ઘરના દરવાજા પાસે ઊભા રહી પ્રકાશ કરવાની સૂચના આપવામાં આવી હતી. જે સંદર્ભે સમગ્ર દેશવાસીઓ દ્વારા એક સાથે નવ મિનિટ માટે પોતપોતાના ઘરમાં એક જ સમયે ઘરની લાઈટ બુઝાવી દીવો મીણબત્તી કે ટોર્ચ અથવા તો મોબાઈલની ટોર્ચ દ્વારા લાઈટ કરી એકતા પ્રદર્શિત કરવામાં આવી હતી અને નરેન્દ્ર મોદીજીને સમર્થન આપવામાં આવ્યું હતું પરંતુ ગાંધીનગર શહેરમાં દીવાને મીણબત્તી પ્રગટાવવી ઉપરાંત લોકોના ટોળા ટોળા એક જગ્યા એકત્રિત થતા નજરે ચડયા હતા આ ઉપરાંત ઘણા સેક્ટરોમાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા.

સમગ્ર શહેર જ્યારે ભેગું મળીને નરેન્દ્ર મોદીજીના આદેશનું પાલન કરી લોકડાઉન કરી રહ્યા છે ત્યારે શહેરના અમુક લોકો દ્વારા નિયમોનો ભંગ કરી ફટાકડા ફોડવામાં આવ્યા હતા. રાજ્યમાં સૌથી વધુ શિક્ષિત ગણાતું આ ગાંધીનગર. જો અહીં જ આવી બાબતોનું ધ્યાન ન રખાય તો બીજી બાબતોની શું અપેક્ષા રાખવામાં આવે. લાગી રહ્યું હતું કે આ શિક્ષિતોને નવ મિનિટનો સમય દિવાળીની ઉજવણી કરવા આપી દીધો હોય. શહેરમાં ઘણા લોકો કોરોનાથી સંક્રમિત છે ઘણા હોમ croantine છે. આ ઉપરાંત શહેરના અમુક ઘરમાં કારણે પરિવારના સભ્યોનું મૃત્યુ થયું છે અને આ સમયે તેમને હુંફ વાળો પણ કોઈ નથી ત્યારે શહેરમાં ફટાકડા ફોડવા તે કોઈ ઔપચારિકતા નથી.

ઉલ્લેખનીય છે કે ગયા અઠવાડિયે નરેન્દ્ર મોદી દ્વારા સાંજે પાંચ વાગ્યે પોતપોતાના ઘરની બહાર થાળી વગાડી સમર્થન આપવા જણાવાયું હતું ત્યારે પણ શહેરમાં અમુક લોકોના ટોળેટોળા બહાર નીકળી પડ્યા હતા. શું આવું કરીને આ લોકો કોઈ નથી સંક્રમિત થવા માંગે છે કે આ બધી બાબતોનો ખ્યાલ હોવા છતાં હાથે કરીને આવા કાયદા વિરુદ્ધ પગલાં ભરી રહ્યા છે?

# લૉકડાઉનના અંધકાર સામે સેવાના પ્રકાશનો પડકાર

### અડાલજના શ્રી ટહુકાની ચેહરમાતાના મંદિર દ્વારા દરરોજ ૧૫૦૦ જેટલા શ્રમિકોને બે ટંક ભોજન સેવા પહોંચાડાય છે : અગાઉ ૫ હજારથી વધુ જરૂરિયાતમંદોને અનાજ-કરિયાણું-શાકભાજીની કીટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૬

જયારથી દેશભરમાં કોરોના સામેની લડતનો આરંભ થયો છે ત્યારથી લાદવામાં આવેલા લૉકડાઉનને કારણે સમગ્ર દેશમાં વેપાર-ધંધા ઠપ્પ થઈ ગયાં છે. આ કારણે રોજેરોજ મજૂરી કરીને ખાતા શ્રમજીવી જરૂરિયાતમંદ પરિવારોની હાલત કફોડી થવા પામી છે. ગાંધીનગર તથા આસપાસના વિસ્તારમાં પણ આજ પરિસ્થિતિ જોવા મળી રહી છે. જો કે ગાંધીનગર તથા આસપાસના વિસ્તારમાં કાર્યરત સ્વૈચ્છિક તથા ધાર્મિક સંસ્થાઓ અને સેવાભાવી સ્વયંસેવકોએ આ પરિવારોના બે ટંકના ભોજનની જવાબદારી સ્વયંભૂ રીતે ઉપાડી લીધી છે. ગાંધીનગરના અડાલજ ખાતે હાઈવે સ્થિત શ્રી ટહુકાની ચેહરમાતા મંદિર ટ્રસ્ટ દ્વારા પણ આ પ્રકારના ૫ હજારથી વધુ જરૂરિયાતમંદોને પહેલા અનાજ, કરિયાણું, શાકભાજી સહિતની કીટનું વિતરણ કરવામાં આવ્યું ત્યારબાદ દરરોજ સવાર-સાંજ ૧૫૦૦ જેટલાં પરિવારો માટે અવિરત ભોજન સેવા પણ પુરી પાડવામાં આવી રહી છે.

અડાલજના શ્રી ચેહરમાતા મંદિર ટ્રસ્ટ દ્વારા તા. ૨૨મી માર્ચથી શરુ કરવામાં આવેલા સેવા યજ્ઞમાં પહેલા અનાજ-કરિયાણું, મરી-મસાલાં તથા શાકભાજી સહિતની ૫૨૦૦ કીટનું અડાલજ, ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, કલોલ, ઊંઝા, આજોલ, માણસા, કોલવડા અને છેક પાલનપુર ખાતે પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે અત્રેથી કાર્યરત ભોજનસેવામાં દરરોજ બે ટંકનું ભોજન બનાવી વિવિધ સ્વયંસેવકોની પાંચ ટીમો થકી ગાંધીનગરથી ચિલોડા અને રાંધેજા સુધીના વિસ્તારને અને અમદાવાદ તરફ ઝુંડાલ, કાળીગામ, વાસણા, રામનગર, ચાંદલોડિયા, જનતાનગર અને ગોતા સુધીના વિસ્તારને આવરી લેવામાં આવી રહ્યો છે. આ સેવાકાર્યમાં અડાલજ, ગાંધીનગર અને નિકોલના મળીને આશરે ૩૦ જેટલાં સ્વયંસેવકો સેવા આપી રહ્યા છે જેઓ સવાર-સાંજ બંને સમયે જરૂરિયાતમંદોના ઘર સુધી જઈને ભોજન પુરું પાડી રહ્યા છે. સમગ્ર સેવા યજ્ઞ સંસ્થાના પ્રમુખ સતીષભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ચલાવવામાં આવી રહ્યો છે જે લૉકડાઉન ચાલશે ત્યાં સુધી એટલે કે તા. ૧૪મી એપ્રિલ સુધી કાર્યરત રહેશે.